

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## એફ.ડી.આઈ. વધારાના વિરોધમાં ઈન્સ્યુરન્સ એમ્પલોઝ એસો. દ્વારા દેખાવો

ઓલ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ એમ્લોઝ એસોસિએશનના કર્મચારીઓ દ્વારા કેન્દ્ર સરકાર વીમા ઉદ્યોગમાં કરેલા ૨૬ ટકા સુધીના એફ.ડી.આઈ.ના વિરોધમાં રિશેષ દરમ્યાન સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. ઓલ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ એમ્લોઝ એસોસિએશન દ્વારા કેન્દ્ર સરકાર જે વિમા ઉદ્યોગમાં એફ.ડી.આઈ. ૨૬ ટકાથી વધારી ૪૯ ટકા કરવા જઈ રહી છે. જેનો વિરોધ કરતા જણાવ્યું હતું કે એફ.ડી.આઈ.નો વિરોધ એટલા માટે કરીએ છીએ કે જનતાની બચતોનું યોગ્ય રક્ષણ થાય. દેશની સ્વાધીનતા જળવાઈ રહે અને જનતાના પૈસા જનતા માટે ઉપયોગ થાય. જે-તે સમય ફાયનાન્સ મિનિસ્ટર ભાજપના યશવંતસિંહાના વડપણ હેઠળ નિમાયેલી કમિટીએ એફ.ડી.આઈ.ની મર્યાદા ૨૬ ટકાથી વધારવાની કોઈ જ જરૂરિયાત ન હોવાનો અભિપ્રાય આપ્યો હતો. છતા પણ આજે કેન્દ્રની ભાજપ સરકાર કેપીટલ આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સના દબાણ હેઠળ આવીને આ એફ.ડી.આઈ.માં ૨૬ ટકાથી ૪૯ ટકા સુધીનો વધારો કરવા જઈ રહી છે. જેનો અમો સર્વે એલ.આઈ.સી.ના ટ્રેડ યુનિયનો સખત વિરોધ કરીએ છીએ અને જો કેન્દ્રની સરકાર એફ.ડી.આઈ.માં વધારો કરશો તો અમો તેના વિરોધમાં ઉગ્ર જનઆંદોલન કરીશું જેની સરકારે નોંધ લેવી રહી. આ વિરોધમાં ડીસા શાખા પ્રતિનિધિ જયેશ દેસાઈ, જમીલ શેખ,બાબુભાઈ સોલંકી સહીત કર્મચારીઓ જોડાયા હતા.

# મોડાસા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તબીબ વિહોણા

મોડાસા, તા. ૧૧

ગુજરાત રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના આરોગ્ય મંત્રી લોકોના આરોગ્ય સચવાય અને વિનામૂલ્યે આરોગ્યની સેવાઓ કરવામાં આવી રહી છે. તેવા મોટા મોટા દાવાઓ કરવામાં આરોગ્ય વિભાગ અગ્રેસર છે. પરંતુ વાસ્તવિકતાથી જોજનો દૂર માહોલ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગામડાઓમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં સરકારે કરોડો રૂપિયાના ખર્ચે મોટા-મોટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું નિર્માણ કરી દીધુ છે. પરંતુ આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની અનિયમિતતા અને છાશવારે દવાઓનો અભાવ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પ્રાથમિક જરૂરીયાત એવા તબીબોના અભાવે મોડાસા તાલુકાના ગામડાઓમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શોભાના ગાંઠીયા સનાન બની રહ્યા છે. મોડાસા તાલુકાના વિસ્તારની દષ્ટિએ મોટા એવા બે મહત્વના ગામો ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપરાંત મહાદેવગ્રામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, લીભોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બાયલ-ઢાંખરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોની જગ્યાઓ ખાલી હોવાના કારણે આ બધા ગામડાના લોકો અને આજુબાજુના ગામડાના લોકો અને જરૂરીયાતમંદ અને ગરીબ દર્દીઓ પ્રાથમિક આરોગ્ય સુવિધાઓથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. તેમાં પણ ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે તો સારવાર કરાવવા ક્યાં જવુ એ જ મોટો યક્ષ પ્રશ્ન છે.





આ બધા ગામડાઓમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો હોવા છતાં તબીબોના અભાવે પ્રાથમિક સારવાર કરાવવા માટે શહેરમાં આવેલા મોટા-મોટા ખાનગી દવાખાનાઓમાં જવુ પડતુ હોવાથી અને સારવાર ખર્ચેનો બોજ સહન ન કરી શકવાના કારણે લોકો સારવારના અભાવે મૃત્યુ નિપજવાનો ભય પણ સતાવી રહ્યો છે. ગુજરાત સરકારે મહિલાઓ માટે ખુબ જ સુંદર યોજનાઓ અમલમાં હોવા છતાં ગામડાઓના લોકોની અને મહિલાઓની સૌથી પ્રથમ જરૂરીયાત એવી પ્રસુતિ કરાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવા છતાં તબીબોના અભાવે મોટા ખાનગી હોસ્પિટલોમાં જવુ પડે તે ખુબ જ પીડાદાયક અને આરોગ્ય વિભાગ માટે શરમજનક ઘટના છે.

પ્રસુતિ સમયે લાંબી મુસાફરીના કારણે ઘણીવારનો રસ્તામાં જ પ્રસુતિ થઈ ગઈ હોવાના ઘણા બધા કિસ્સાઓ આ ગામડામાં બનવા પામ્યા છે. ટીટોઈ અને સરડોઈ ગામના અગ્રણીઓના જણાવ્યા મજુબ જો આ બધા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી રહેલી જગ્યાઓ ભરવામાં નહિ આવે તો લોકોએ ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો સહારો લેવો પડશે.

# ૫૦૦૦ની લાંચના છટકામાં ઝડપાયેલા પાલનપુર તાલુકા વિકાસ અધિકારી જેલ હવાલે

પાલનપુર, તા. ૧૧

પાલનપુર તાલુકા વિકાસ અધિકારીએ માલણ ગામના એક લાભાર્થી પાસેથી રાહતદરનો પ્લોટ પાસ કરવા માટે સહિ-સિક્કા કરવા માટે રૂ. ૫ હજારની લાંચની માંગણી કરતાં આ અંગે એ.સી.બી.માં ફરીયાદ કરવામાં આવતાં ફરીયાદ આધારે એસીબી પોલીસે ગતરોજ તાલુકા વિકાસ અધિકારી વસંત સોલંકીને તેમના ચેમ્બરમાંથી જ રૂ. ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. જેઓને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે.

પાલનપુર તાલુકાના માલણ ગામના ફકીર મહંમદ મનસુરી (રહે. માલણ, તા. પાલનપુર) નામના લાભાર્થીને રાહતદરનો પ્લોટ પાસ કરવા, સહી-સિક્કા કરી આપવા માટે છેલ્લા કેટલાક સમયથી ધક્કા ખવડાવવામાં આવતા હતા અને સહી સિક્કા કરવા અને પ્લોટની સનદ આપવા માટે તાલુકા વિકાસ અધિકારી વસંતકુમાર એસ. સોલંકીએ રૂ. ૫ હજારની લાંચની માંગણી કરતાં લાભાર્થીએ માલણ ગામના જ તેના સંબંધી બિસમીલ્લાખાન એચ. ધાસુરાને વાત કરતાં બિસમીલ્લાખાને આ અંગે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરીયાદ કરતાં એસીબી પી.આઈ. સી.કે. પટેલે ગતરોજ છટકુ ગોઠવી તાલુકા પંચાયત કચેરીના ચેમ્બરમાંથી જ તાલુકા વિકાસ અધિકારી વસંત સોલંકીને રૂ. ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. એસીબી પોલીસે છટકી ગોઠવી તાલુકા વિકાસ અધિકારીને તેમની ચેમ્બરમાં જ રૂ. ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લઈ તેમની વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. દરમ્યાન આજરોજ ટી.ડી.ઓ. વસંત સોલંકીને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે ટી.ડી.ઓ. વસંત સોલંકીને જેલ હવાલે કરવાનો હુકમ કરતાં તેઓને જિલ્લા જેલ ખાતે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું પોલીસ સૂત્રોલ દ્વારા જાણવા મળ્યું છે. આમ, ગરીબ લાભાર્થીઓને મળતી સહાયમાં ખાયકી કરવાનું ન છોડતા અધિકારીઓનો આખરે આ જ અંજામ થતો હોય છે. ત્યારે તાલુકા વિકાસ અધિકારી વસંત સોલંકીને જેલ હવાલે કરવામાં આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

# શિયાળામાં મોડાસાના એક્યુપ્રેસર ગાર્ડનનો લાભ લેતા નાગરિકો

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ગુજરાત સરકારના નિર્માણ અને મોડાસા નગરપાલિકા અને ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા ઓધારીલેક પાસે એક્યુપ્રેસર ગાર્ડન બનાવવામાં આવ્યો છે. એક્યુપ્રેસર થેરાપીથી ગંભીર અને જટીલ રોગોનું નિવારણ થતુ હોવાથી મોડાસા શહેરના લોકોમાં એક્યુપ્રેસર ગાર્ડન લોકપ્રિય બની રહ્યો છે.

ગુજરાત સરકાર રાજ્યમાં વિકાસના કામો કરવામાં અગ્રેસર હોવાના કારણે ગુજરાત રાજ્યના શહેરોના વિકાસ માટે અને પ્રજાજનોના ફાયદા માટે વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આવો જ એક નવતર પ્રયોગ અને લોકોના સ્વાસ્થ સચવાય તેવા હેતુથી અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ ઉપર સાંઈબાબા મંદિરની નજીક આવેલા ઓઘારીલેકની પાછળ મોડાસા નગરપાલિકા અને ગાયત્રી પરિવારના સહયોગથી એક્યુપ્રેસર ગાર્ડનનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં મોડાસા શહેરના પ્રજાજનો શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં બનાવવામાં આવેલા એક્યુપ્રેસર માર્ગનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. એક્યુપ્રેસરના પંચીંગના કારણે શરીરની રક્તવાહિનીઓ ખુલી જતી હોવાના કારણે શરીરમાં બ્ડનનું સર્કુલેશન સરળ થતુ હોવાથી શરીર



સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે. તદઉપરાંત મોડાસા શહેરના સિનીયર સિટીજનો ઉપરાંત મહિલાઓ પણ આ ગાર્ડનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. આ ઉપરાંત મોડાસા શહેરના ડાયાબીટીસ, દમ, લકવાના દર્દીઓ વહેલી સવારથી એક્યુપ્રેસર ગાર્ડનમાં મોર્નિંગવોક માટે ઉમટી પડે છે.

# પાલનપુરમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ કાર્યક્રમ હેઠળ રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે કુટિર ઉધોગ,મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જીલ્લાના સહ-ભારી મંત્રીશ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાલનપુર તાલુકાના કુલ-૩૩ ને રજુ થયા હતા. જે પૈકી ૯૦ ટકા -શ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ત્રણ -શ્નો નિતિવિષયક હોઈ સરકારશ્રીમાં રજુ કરી તેનું સત્વરે નિરાકરણ લાવવા -યત્ન કરવામાં આવશે.

આ -સંગે મંત્રીશ્રી તારાચંદ છેડાએ જણાવ્યું હતું કે -જાના -શ્નોનુ ઝડપી નિરાકરણ લાવવા યોજાતા લોકસંવાદ સેતુ કાર્યક્રમોને બહુ સારી સફળતા મળી છે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમના ૧૫ દિવસ અગાઉ જાહેરમાં -સિધ્ધિ આપીને લોકોના -શ્નો મંગાવવામાં આવે છે તેમજ નાગરિકોના નાનામાં નાના -શ્નોનું નિરાકરણ લાવવા -યાસ કરવામાં આવે છે. મંત્રીશ્રીએ કહ્યું કે સમગ્ર રાજયમાં -થમ રાઉન્ડનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ પુરો થયા પછી દર માસે તાલુકા કક્ષાએ આવા કાર્યક્રમો યોજવાનું આયોજન છે.તેમણે ઉમેર્યુ કે -જાને જરૂરી તમામ સુવિધાઓ આપવા તથા વિકાસકૂચને વેગવંતી બનાવવા સરકાર સક્રિય અને સંકલ્પબધ્ધ છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પરિવર્તન યુવા ફાઉન્ડેશન દ્વારા સબ જેલના કેદિઓ માટે યોગ શિબિર યોજાઈ

પરિવર્તન યુવા ફાઉન્ડેશન દ્વારા બનાસકાંઠા જિલ્લા સબ જેલમાં કેદિઓના સાર્વત્રિક જીવન પરિવર્તન માટે યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેદિઓ પોતે માનસિક રીતે સ્વસ્થ થાય તથા પોતાના જીવનમાં પુસ્તકો થકી બદલાવ લાવે તેવા ઉમદા હેતુથી પરિવર્તન દ્વારા આ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં ડૉ. સુરેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'ભારતીય સંસ્કૃતિમાં યોગનું વિશેષ મહત્વ છે અને વર્તમાનમાં વિશ્વ ભારતીય સંસ્કૃતિને અપનાવી રહી છે અને યોગનું મહત્વ વધી રહ્યું છે તથા સંસ્થા દ્વારા આ કરવાના કાર્યને બિરદાવ્યું હતું.' સંસ્થાના પ્રમુખ મનોજકુમાર જોષી દ્વારા શિબિરના અંતિમ દિવસે કેદિઓને સ્વચ્છતા, વ્યસન મુક્તિ માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. પરિવર્તન યુવા ફાઉન્ડેશન દ્વારા આયોજીત આ શિબિરમાં પાલનપુરના ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, ડી.વાય.એસ.પી. ગરાશીયા સાહેબ, કનુભાઈ વ્યાસ, સંસ્થાના પ્રમુખ મનોજકુમાર જોષી, મંત્રી દિનેશ મકવાણા તથા સમગ્ર ટીમ પરિવર્તન દ્વારા આ શિબિરને સફળ બનાવાઈ હતી.

# વડા ગામે રવિકૃષિ મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે બનાસકાંઠા જિલ્લાના વડગામ મુકામે પાલનપુર અને વડગામ તાલુકાનો સંયુક્ત કૃષિ મહોત્સવ કુટિર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના સહ-ભારી મંત્રીશ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓના લાભાર્થી ૭૪૯ ખેડુતોને રૂ.૫ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ખેડુતોની સતત ચિંતા કરીને તેમના કલ્યાણ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ કૃષિ મહોત્સવ અભિયાનને ખુબ સારી સફળતા મળી છે અને ખેડુતો આધુનિક ખેતી કરતા છે. જેના પરિણામે કૃષિ આવકમાં નોંધાપાત્ર વધારો થયો છે. કૃષિ મહોત્સવ અભિયાનથી ખેડૂતોને માહિતી અને માર્ગદર્શન આપ્યા પછી ખેડુતોને આર્થિક રીતે પગભર કરવા ખેડુતપુત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રવિ કૃષિ મહોત્સવની આજથી સમગ્ર રાજયમાં શરૂઆત કરાવી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાનાં રેલ્વેસ્ટેશન ખાતે ચાલુ ટ્રેનમાં ચઢવા જતા એક ૫૦ વર્ષીય આધેડ અકસ્માતે રેલ્વે પાટા નીચે આવી ગયા હતા. જેમના પગ કપાઈ જતા થયેલ ઈજાએ આ આધેડનું મોત થયું હતું.

# ડીસામાં રેલવે ટ્રેક નીચે અકસ્માતે કચડાતાં આધેડ મુસાફરનું મોત

ડીસા, તા. ૧૧

ડીસા રેલવેસ્ટેશન નજીક બનેલી એક અકસમાત ની ધટના માં એક ૫૦ વર્ષીય આધેડ નું ટ્રેન નીચે કપાઈ જવાતી મોત થયેલ છે,આ મામલે રેલ્વે પોલીસે મૃતક ની લાશ નો કબજો સંભાળી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા ના ડીસા માં આવેલા રેલવેસ્ટેશન પ્લેટફોર્મ નજીક બનેલી આ અકસ્માત ની ધટના જોઈએ તો પાલનપુર થી ભુજ તરફ જતી પેસેન્જર ટ્રેન બપોર ના સમયે ડીસા પહોચી હતી, પ્લેટફોર્મ પર ટૂંકા સ્ટોપેજ બાદ આ પેસેન્જર ટ્રેન ભુજ રવાના થઈ હતી, જોકે ચાલુ ટ્રેન માં મુસાફરી માટે આવેલો એક વ્યક્તિ રહી જતા તેને દોડ લગાવી હતી, જોકે અકસ્માતે તેનો પગ લપસતા તે ટ્રેન ના પાટા નીચે આવી ગયો હતો,આ અકસ્માત માં આ મુસાફર નો એક પગ કપાઈ ગયો હતો, આ ધટના ની રેલ્વે ઈન્ચાર્જ ને જાણ થતા તેમને ૧૦૮ વાન ને બોલાવી હતી, જોકે વધારે પડતી ઈજા નાં લીધે આ મુસાફર નું ધટના સ્થળે જ મોત થયું હતું ,આ મામલે પોલીસે મૃત વ્યક્તિ ની લાશ નો કબજો સાંભળી તપાસ હાથ ધરેલ છે, પોલીસ ની -ાથમિક તપાસ માં મૃત વ્યક્તિ ઠાકોર ધુડાજી સોમાજી ઉમર વર્ષ- ૫૦ રહે, ગામ -સમણવા તાલુકો -કાંકરેજ નો હોવાનું બહાર આવેલ છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Rakhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦